સામાન્ય સુચનાઓ.

(૧) સદર હું ભરતી સંબંધિત તમામ સુચનાઓ/વિગતો વખતો વખત Website: www.mgsm-gujarat.in પરથી જોવા મળી શકશે.

(૨) વિગતવાર જાહેરત website:mgsm.gujarat.in પર ઉપલબ્ધ છે, રસ ધ્રાવતા ઉમેદવારોએ તેમની અરજી રજીસ્ટર પોસ્ટ, સ્પીડ પોસ્ટ તથા કુરિયર દ્વારા નિયત ફોર્મેટમાં તા.૧૨/૦૨/૨૦૧૮ના રોજ સાજનાં ૫:30 કલાક સુધીમાં સ્વચ્છ ભારત મિશનની કચેરીએ નીચે મુજબનાં સરનામે મળી જાય તે પ્રમાણે મોકલી આપવાની રહેશે. મોકલેલ અરજી પત્રકનાં કવર પર "...............ની પોસ્ટ માટેની અરજી" લખવાનું ફરજીયાત રહેશે.

મિશન ડાયરેક્ટરશ્રી,
સ્વચ્છ ભારત મિશન, ગુજરાત
નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી,
બ્લોક નં.૧૪/3 જો માળ, જુના સચિવાલય,
ગાંધીનગર-3૮૨૦૧૦

(3) ઇ-મેઇલથી મોકલેલ અરજી રદ ગણવામાં આવશે.

(૪) ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાન સભાના કાયદા હેઠળ સ્થાપિત્ત યુનિવર્સિટી કે સંસદનાં એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ ૧૯૫૬ના સેક્શન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની ઉપર દર્શાવ્યા મુજબની શૈક્ષણિક પદવી કે તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૫) ઉમેદવારની અગ્રીમતા યુનિવર્સિટી/સંસ્થાની Rating, ટેક્નિકલ લાયકાત, બોર્ડ અને યુનિવર્સિટી પરીક્ષાના માર્કસ અને અનુભવનાં આધારે નક્કી કરવામાં આવશે. જેનું WEIGHTAGE પસંદગી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૬) ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રીયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ (સ્વયં પ્રમાણિત નકલ) અરજી પત્રક સાથે બિડવાનાં રહેશે.

(૭) શોર્ટલિસ્ટેડ થયેલ ઉમેદવારોને ઇ મેલ-દ્વારા ઇન્ટરવ્યુ માટે જાણ કરવામાં આવશે. જેમા સ્વખર્ચે રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

(૮) ઉમેદવારોએ ઈન્ટરવ્યુ સમયે અસલ અને પ્રમાણિત જન્મ પ્રમાણપત્ર. શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો તથા અન્ય પ્રમાણપત્રો સાથે હાજર થવાનું રહેશે.

(૯) આ ભરતી પ્રક્રિયા અંગેનો આખરી નિર્ણય પસંદગી સમિતિ નો રહેશે.

(૧૦) ઉમેદવારે પોતાની લાયકાત/અનુભવ/માંગેલ ક્ષમતાને ધ્યાને લઇ જે જગ્યા માટે પોતાની લાયકાત/અનુભવ/માંગેલ ક્ષમતા વધુ બંધ બેસતા હોય તેવી જ જગ્યા માટે અરજી કરવાની રહેશે.

(૧૧) પ્રોજેક્ટ ઓફિસરની જગ્યા માટે તા:૧૨/૦૨/૨૦૧૮ ના રોજ ૪૫ વર્ષથી ઓછી ઉંમર હોય તેવા જ ઉમેદવારો અરજી કરી શકશે.

(૧૨) આ જગ્યાઓ પર પસંદગી પામેલ ઉમેદવારને તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરારમાં નિમણૂક આપવામાં આવશે .

(૧૩) આ ભરતી પ્રકીયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે. નિમણૂંક પામેલ ઉમેદવારે મિશન સાથે કરાર કરવો પડશે

(૧૪) ઉમેદવારનું માસિક ફીક્સ વેતન જાહેરાતમાં જણાવ્યા મુજબ રહેશે તેમ છતાં આ ફિકસ વેતનમાં વધારો કે ઘટાડો કરવાની આખરી સત્તા સ્વચ્છ ભારત મિશનની રહેશે.

(૧૫) અનુભવ મેળવેલ હોય તે પ્રત્યેક પ્રમાણપત્રમાં હોદ્દો. મળતો પગાર. અનુભવનો સમયગાળો દર્શાવેલ હોવો જોઈશે. અનુભવ જગ્યાને અનુરૂપ છે કે કેમ તે અંગે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

(૧૬) નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો જ અનુભવ એટલે કે પૂર્ણ સમયનો અનુભવ ધ્યાને લેવામાં આવશે.પાર્ટ ટાઈમ કે આંશિક અનુભવ માન્ય રહેશે નહી;

(૧૭) ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.

(૧૮) ઉમેદવાર ગુજરાતી.ધરાવતો હોવો જોઇએ અને અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન ,હિન્દી ,

(૧૯) અરજીપત્રક ભરતા પહેલા વેબસાઈટ પર મુકવામાં આવેલ સુચનાઓ કાળજી પૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. અને ત્યારબાદ જ અરજીપત્રક ભરવુ.

(૨૦) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલ કોઈપણ વિગત અને ઉમેદવારે નિમણૂક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ શૈક્ષણિક લાયકાત અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો અથવા વિગતો ભવિષ્યમાં જે તે તબક્કે નિમણૂક અધિકારીને ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે .આવા ઉમેદવારોની નિમણૂક સત્તાધિકારી/સમિતિના પરામર્શના આધારે રદ કરવામાં આવશે .તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૨૧) ઉમેદવારે અરજીપત્ર પર પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝ નો ફોટો લગાવવાનો રહેશે અને સહી કરવાની રહેશે.

(૨૨) નિયત નમૂના મુજબની ન હોય તેવી અરજી /અધુરી વિગતોવાળી અરજીજરૂરી પ્રમાણપત્રો/ જોડેલ ન હોય તેવી અરજી રદ ગણવામાં આવશે.

(૨૩) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો. તેમ કરવાનો મિશનને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે. અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

મિશન ડાયરેક્ટર
સ્વચ્છ ભારત મિશન, ગુજરાત

તા.૨૨/૦૧/૨૦૧૮
સ્થળ:-ગાંધીનગર